નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–સી,ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૫૧૦૫૩/૨૦૨૫ થી નોંધાયેલ **પ્રોહી એકટની કલમ–૬૫એઈ,૧૧૬(બી),૯૮(૨)** મુજબ ના ગુનાના કામે **અરજદાર વશીમ અમીનભાઈ મહીડા** નો મુદ્દામાલ આયસર ટેમ્પો જેનો રજી. નં.**GJ-14-AT-0140** જેનો એન્જીન નં**. KCHZ409779** તથા ચેચીસ નં**. MB1A3GCD3KRBD1870** પરત મેળવવા માટેની અરજી હેઠળ હુકમ :–

---

**૦૧.** આ કામના અરજદારે હાલની અરજી રજૂ કરી, પોલીસે કબજે કરેલ ઉપરોકત મુદ્દામાલ વાહન યોગ્ય શરતોને આધીન પરત સોંપવા અરજ કરેલ છે.

**૦૨.** અરજદારના અરજીની હકીકત એવી છે કે, અરજદાર સદર મુદ્દામાલ પોતાના ધંધા–રોજગારીનુ એક માત્ર સાધન હોવાનુ જણાવી, સદર મુદ્દામાલ ના અરજદાર એકમાત્ર નોંધાયેલ માલિક હોવાનુ જણાવી, હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, પોલીસે તપાસના કામે મુદ્દામાલ તરીકે ઉપરોકત મુદ્દામાલને કબજે કરેલ હોય સદર મુદ્દામાલને જાળવવાની કે સાચવવાની કોઈ સગવડ પોલીસ સ્ટેશનમાં ન હોય સદર મુદ્દામાલ જો પોલીસ સ્ટેશનમાં એમ ને એમ પડયો રહે તો તેના સ્પેરપાર્ટની ચોરી થવાની તેમજ તેના બોડી–કલરને, એન્જિનને, બેટરીને, ટાયર–ટયુબને ગંભીર નુકશાન થવાની શકયતા હોય તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદામાલ યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.

**૦૩.** જયારે વિ.સ્પે.પી.પી.શ્રીએ સદર અરજી લગત કરેલ શેરો વંચાણે લેતા,

તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારના અરજમાં જણાવેલ વાહનમાથી વગર પાસ પરમીટનો ૨૦ લીટર કરતા વધુ પ્રમાણમા પ્રોહી જથ્થો મળી આવેલ હોય પ્રોહી એકટમા કરેલા નવા સુધારા મુજબ વાહન વચગાળા પર મુકત કરવાનો ન્યાયોચિત જણાતુ ન હોય, અરજી નામંજુર કરવા નમ્ર અરજ છે.

**૦૪.** આ કામે રેકર્ડ વંચાણે લેતા, હાલના અરજદારનું સદરહુ વાહન પોલીસ ધ્વારા પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એ)(ઈ),૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબ ના ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ ગુનાના કામે બહોળા પ્રમાણમાં પ્રોહી. મુદ્દામાલ વિદેશી દારૂનો જથ્થો સદર વાહનમાં વહન કરેલાનો પ્રથમ દર્શનીય આક્ષેપ છે. સદર ગુનાનું ચાર્જશીટ, એફ.આઈ.આર. તથા એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લેતાં સદર ગુનામાં ૨૦ લિટર કરતા વધુ પ્રોહી. મુદ્દામાલ હોય, નવા સુધારેલા કાયદા મુજબ અરજદાર ને સદર વાહન પરત કરી શકાય નહી અને જો વાહન અરજદારને પરત સોંપવામાં આવશે તો બીજો કોઈ ગુનો કરવા માટે ઉપયોગ કરે કરાવે તેવી પુરેપુરી શકયતા રહેલી છે.

**૦૫.** ગૃહ વિભાગ, ગુજરાત સરકાર તરફથી તા.૩૧ મી જુલાઈ ૨૦૨૪ ના રોજ ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨/૨૦૨૪ થી ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૨૪ તાત્કાલીક અસરથી અમલમાં મુકેલ છે. સદર અધિનિયમ અનુસાર કલમ-૯૮ માં, પેટા કલમ-(૨) માં ''જપ્ત થયેલ દારૂનો જથ્થો ઠરાવવામાં આવે તેટલા જથ્થા કરતાં વધુ હોય, ત્યારે કોર્ટની પરવાનગી સાથે, ઠરાવવામાં આવે તે રીતે, (કોર્ટના) આખરી ચુકાદા પહેલા, આ રીતે સરકારે દાખલ કરેલા વાહનની હરાજી કરી શકાશે અને આવા કિસ્સામાં નાયબ પોલીસ અધિક્ષક,

આવી હરાજી માટેના સક્ષમ સત્તાધિકારી રહેશે''. સદર સુધારા અધિનિયમ અમલમાં લાવવા પાછળનો સરકારનો ઉદ્દેશ એવો છે કે, સુધારા અધિનિયમ અગાઉના અધિનિયમ અનુસાર વાહન કોર્ટના આખરી ચુકાદા પહેલાં વાહનના માલિકને પરત કરી શકાતા નથી અને તે કેસના આખરી ચુકાદા સુધી પોલીસ સ્ટેશન અથવા કોર્ટ કંપાઉન્ડમાં વણવપરાયેલા પડી રહે છે અને આ સંજોગોમાં વાહનોની સ્થિતિ બગડી જાય છે. આ પરિસ્થિતિ ને હલ કરવા માટે સદરહુ પેટા કલમ-(૨) સુધારવાનુ જરૂરી જણાયું છે જેથી કરીને હરાજી મારફત આવા વાહનોનો નિકાલ કરી શકાય.

ઉપરોકત કરેલ ચર્ચા તથા કાયદાકીય જોગવાઈઓ તેમજ પ્રવર્તમાન સંજોગોમાં દિન-પ્રતિદિન વધી રહેલા આવા પ્રકારના ગુનાઓને નાથવા માટે ગુજરાત સરકારે અપનાવેલ કડક પગલાંને ધ્યાને લેતાં આવા પ્રકારના ગુના ઓમાં સંડોવાયેલ વાહનો વાહન માલિકોને પરત સોંપવા માટે સરકારે સુધારા અધિનિયમ થી પ્રતિબંધ મુકેલ છે અને સક્ષમ અધિકારીએ જરૂરી કાર્યવાહી કરી સક્ષમ ઓથોરીટી પાસેથી પરવાનગી માંગી કથિત વાહનોની હરાજી કરવાની રહે છે.

અલબત્ત, આ ગુનાના કામે સક્ષમ અધિકારીએ સંડોવાયેલ મુદ્દામાલ વાહન હરાજી કરવા પરવાનગી મેળવવા સારૂ કોઈ કાર્યવાહી કરી હોય તેવુ રેકર્ડ ઉપર આવેલુ નથી પરંતુ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતાં જો મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપવામાં આવે અને ભવિષ્યમાં જો સક્ષમ અધિકારી ધ્વારા વાહન હરાજી કરવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવે તો વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત કરાયેલ મુદ્દામાલ વાહન સક્ષમ અધિકારી ધ્વારા વાહન હરાજી કરવા માટેની શરૂ કરવામાં આવેલ કાર્યવાહી સારૂ પરત મેળવવા માટે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થવાની પૂરેપૂરી શકયતાઓ

રહેલી છે તેમજ ખુબ જ પારાવાર અને ગંભીર પ્રકારની મુશ્કેલીઓ ઉભી થવાની શકયતાઓ રહેલી છે. જેથી આ સંજોગોમાં વિધાન મંડળે પ્રર્વતમાન પરિસ્થિતિ ને ધ્યાને રાખી જે ઉદ્દેશ માટે સુધારા વટહુકમ બહાર પાડેલ છે તે અર્થહીન બની જાય. આ સંજોગોમાં અરજદારની અરજીમાં માંગ્યા મુજબનો મુદ્દામાલ વાહન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવો ન્યાયોચીત જણાતુ ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

અરજદારની હાલની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા.૦૯મી, માહે–માર્ચ સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૬
નવસારી.

**સહી/–**
**(બી. કે. શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી.જી.જે.૦૧૪૭૭